અદ્‌ભૂત..!! અલૌકિક..!! આહ્‌લાદક..!! છેલ્લાં ૨૮ વર્ષથી શાંતિ, સદ્‌ભાવ અને સંવાદિતાનો સંદેશ પ્રસરાવતુ અને વૈશ્વિકસ્તરે ગાંધીનગર સહિત ગુજરાતની ઓળખ બની ચુકેલુ ભારતીય સાંસ્કૃતિક પરિસર ''અક્ષરધામ'' દિપાવલીના શુભ પર્વને સાર્થક કરતું ૧૦ હજાર જેટલાં દિવડાંઓથી ઝગમગી ઉઠે ત્યારે તેનુ સ્મરણીય દર્શન દર્શનાર્થીઓ માટે 'સત્યમ્-શિવમ્-સુંદરમ્'ની અનુભૂતિ સમાન બની રહે છે. હૃદયવીણાના તારને ઝંકૃત કરતુ અક્ષરધામનું દૈદિત્યમાન દર્શન શ્રદ્ધાળુઓ માટે તા. ૧૪મી નવેમ્બર શનિવાર દિવાળીના દિવસથી કારતક સુદ-૫ તા. ૧૯મી નવેમ્બર ગુરૂવાર સુધી દરરોજ સાંજે ૫.૪૫ કલાકથી રાત્રે ૭.૧૫ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. આ દરમ્યાન તા. ૧૬મી નવેમ્બર સોમવારે નૂતન વર્ષના દિવસે પણ અક્ષરધામ સંકુલ ખાસ ખુલ્લુ રહેશે.

અક્ષરધામ સોમવારે પણ ખુલ્લુ રહેશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરનું સુપ્રસિદ્ધ યાત્રાધામ અક્ષરધામ પરિસર દિવાળીના દિવસથી લાભ પાંચમ સુધી દરમ્યાન દસ હજારથી વધુ દિવડાંઓના ઝગમગ પ્રકાશથી દૈદિત્યમાન થઈ ઉઠે છે જેને નિહાળવા ખૂબ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટે છે. આ વર્ષે કોરોના મહામારીના પગલે આઠેક માસ અક્ષરધામ પરિસર બંધ રહ્યુ હતુ તે પછી સરકારની કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર શરૂ થયેલ અક્ષરધામ ખાતે પ્રવેશનો સમય સાંજે ૫ થી ૭.૩૦ કલાકનો નિર્ધારિત કરવામાં આવ્યો છે. જેમાં દર્શનાર્થીઓને ફરજિયાત માસ્ક સાથે સેનેટાઈઝર ટનલમાંથી પસાર કરાયાં બાદ થર્મલ સ્કેનિંગ કરીને જ પ્રવેશ આપવામાં આવે છે. જો કોઈ દર્શનાર્થી પાસે માસ્ક ના હોય તો મંદિર પરિસરના મુખ્ય પ્રવેશદ્વારે વિના મૂલ્યે માસ્ક પુરાં પાડવામાં આવે છે. આ સાથે દર્શનાર્થીઓ આજે ૭.૩૦ કલાકે સુવિખ્યાત વૉટર શો ને પણ માણી શકે તેની વ્યવસ્થા કરવામાં આવી છે.

હાલ અક્ષરધામ ખાતે સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે દર્શનાર્થીઓને પ્રવેશ અપાય છે તેમજ મંદિરમાં આરતી પણ સોશિયલ ડિસ્ટન્સ સાથે કરવામાં આવે છે. દર્શનાર્થીઓ માટે વૉટર શો ચાલુ રખાયો છે પરંતુ હાલ પુરતુ પ્રદર્શન બંધ રાખવામાં આવ્યુ છે. દિવાળી નિમિત્તે તા. ૧૬મી નવેમ્બરે સોમવારે નૂતન વર્ષના દિવસે પણ મંદિર ખુલ્લુ રહેશે.

શહેરમાં ૩ દિવસમાં બીજીવાર ૨૧ કેસ

સે-૮, ૩, ૭, ૧૩, ૧૪ અને ૫માંથી ૨-૨ કેસ ઉપરાંત જીઈબી, ઉપરાંત ૧, ૨, ૪, ૨૩, ૨૫, ૨૬, ૧૭, ૨૦માંથી પણ કેસ મળ્યા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં ત્રણ દિવસમાં ફરીવાર વધુ ૨૧ કેસ પોઝીટીવ કોરોનાના મળી આવ્યા છે. છેલ્લા ચાર દિવસમાં જ ૮૦થી વધુ કેસ મળી આવતાં તંત્ર ચિંતાતુર બન્યું છે.

આજે નોંધાયેલા ૨૧ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૨૧૨૩ થઈ છે. જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને પગલે શહેરમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશનની શંકાઓ પ્રબળ બની રહી છે. તંત્ર એ લોકોને સાવધ રહેવા અને સાવચેતી રાખવા અપીલ કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૮ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે સતત બીજે દિવસે પણ ૧૯ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. બે જ દિસમાં ૩૯ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તંત્રની કામગીરી વધી જવા પામી છે.

શહેરના લગભગ તમામ ખૂણાઓમાંથી આજે કેસો મળી આવ્યા છે. સે-૮, સે-૩, સે-૭, સે-૧૪, સે-૫માંથી ૨-૨-૨ કેસ ઉપરાંત જીઈબી, સે-૧, ૨, ૪, ૧૩, ૨૩, ૨૫, ૨૬, ૧૭, ૧૩, ૨૦માંથી કેસો મળી આવ્યા છે. શહેરમાં દર્દીની સંખ્યા વધતાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે. મોટી વયના દર્દીઓ પણ આજે મળી આવ્યા છે.

આજે સે-૧૭માંથી ૪૦ વર્ષીય ગૃહિણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સે-૧૩માંથી ૬૦ વર્ષીય ગૃહિણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે સિવીલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ સિવાયના આજે નોંધાયેલા ૧૯ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જીઈબીમાં નોકરી કરતા અને કોલોનીમાં રહેતા ૩૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે-૮માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જે રીતે આ સેકટરમાંથી કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. ૮૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૭૫ વર્ષીય ગૃહિણીન રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે-૨માંથી ૭૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે-૩માંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૨૬ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે આ ઉપરાંત ૨૮ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે-૨૦માં રહેતા અને હોન્ડાના શો રૂમમાં એકઝીકયુટીવ તરીકે ફરજો બજાવતા ૩૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે-૪માં રહેતા ૧૯ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે-૭માંથી બે કેસ પોઝીટીવ આવ્યા છે. સે-૭માં દર્દીઓની સંખ્યા વધી રહી છે. તંત્રએ સેકટરમાં સઘન સર્વેલન્સ માટે તાકીદ કરી છે. કૃષિભવનમાં મદદનીશ તરીકે ફરજો બજાવતા ૫૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૮૪ વર્ષીય વૃધ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે-૧માં રહેતા અને અડાલજ ખાતે સહકારી બેંકમાં કેશિયર તરીકે ફરજો બજાવતા ૫૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે-૧૪માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૬૦ વર્ષીય ગૃહિણી તેમજ ૩૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે-૫માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ૫ વર્ષીય ગૃહિણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ડિસ્ટ્રીકટ કોર્ટમાં ફરજ બજાવતા ૩૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે-૧૩માં રહેતા અને એરફોર્સ પાલજ ખાતે સેવક તરીકે ફરજો બજાવતા ૫૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે-૨૩માંથી ૮૩ વર્ષીય વૃધ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે-૨૫માંથી ૭૨ વર્ષીય ગૃહિણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે-૨૬માં રહેતા અને સે-૨૨માં અમુલનું પાર્લર ચલાવતા ૪૨ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ દર્દીઓની સંખ્યા ૧૭૫૧ જેટલી થવા જાય છે. આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયું છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહના માતુશ્રીનું ગઈકાલે મોડી રાત્રે દુઃખદ અવસાન થયુ છે. છેલ્લા થોડાક સમયથી તેઓ નાદુરસ્ત હતા.
- સાદરા ખાતે આજે યોજાયેલ આર્યુવેદ શાખાના સર્વરોગ નિદાન કેમ્પમાં સાડા ત્રણસો લોકોએ લાભ લીધો હતો. જેમાં ૨૩૨ દર્દીઓએ આયુર્વેદ અને ૧૦૨ લોકોએ હોમીયોપેથીનો લાભ લીધો હતો.
- દિપાવલી પર્વને લઈ આજે કચેરીઓ બપોર બાદ ખાલીખમ થઈ ગઈ હતી.
- ગાંધીનગર મનપાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં મ્યુનિ. કમિશનર, કાઉન્સીલરો કાર્તિક પટેલ અને હર્ષાબા ધાંધલ ગેરહાજર રહ્યા હતા.
- ગાંધીનગર એસ.બી.આઈ.નું આજે સર્વર ધીમુ ચાલતાં ગ્રાહકોને પારાવાર મુશ્કેલી પડી હતી.
- ૨૩મી નવે.થી કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ કાર્ય શરૂ થશે તે માટે શિક્ષણ વિભાગે પરિપત્ર જારી કરી દીધો છે.

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખપદે ડૉ. શંકરસિંહ રાણા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખપદે ડૉ. શંકરસિંહ રાણાની વર્ષ ૨૦૨૧થી બે વર્ષ માટે નિમણુંક કરવામાં આવી છે. આ પ્રસંગે ડૉ. રાણાએ જણાવ્યું કે હું અને મારા પત્ની બીનાબા રાણાએ હવેનો સમય સમાજના સર્વાંગી વિકાસ માટે ફાળવવાનો નિશ્ચય કર્યો છે.

કાર્યક્રમ દરમિયાન સમારંભના પ્રમુખ તરીકે સિનિયર ધારાશાસ્ત્રી પી.પી. બિહોલાએ સભાનું સંચાલન કર્યું હતું. તેમજ શહેર પ્રમુખ વિક્રમસિંહ ગોલ, દશરથસિંહ વાઘેલા, મહામંત્રી ભીખુસિંહ બિહોલા, શંકરસિંહ ગોહિલ, રતનસિંહ વાઘેલા, પ્રદિપસિંહ બિહોલા, અંબુસિંહ ગોલ અને વિનોદસિંહ રાઠોડ આ પ્રસંગે હાજર રહ્યા હતા. તેમણે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન કાર્યકારી પ્રમુખ તરીકે રતનસિંહ વાઘેલાની નિમણુંક કરવામાં આવી હતી મહિલા શકિત મંડળના પ્રમુખ બીનાબા રાણા અને ભાવનાબા ગોલ વગેરેએ શંકરસિંહ રાણાનું સન્માન કર્યું હતું.

ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૮ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના ૧૮ કેસ મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર થતાં લોકોમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશનની શંકા પ્રબળ બની છે જો કે સત્તાવાર રીતે તેનો સ્વીકાર કરવાથી તંત્ર હજુ પણ મૌન છે.

જિલ્લામાં કોરોનાની સૌથી વધુ વ્યાપક અસરો ગાંધીનગર તાલુકામાં છે. ગાંધીનગર તાલુકામાં કોરોના વકર્યો છે. જિલ્લામાં આજે નોંધાયેલા ૧૮ કેસમાંથી ૯ કેસ ગાંધીનગરના છે. દહેગામમાં ૨ કેસ, માણસામાં ૩ કેસ અને કલોલમાં ૪ કેસ મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મોટી વય ધરાવતા દર્દીઓ અને મહિલા દર્દીઓની સંખ્યામાં થતા વધારાએ તેમજ વધતા જતા ડેથરેટને લઈ તંત્રની ચિંતા ઘેરી બની છે. હોમ આઈસોલેસનનો વિકલ્પ હવે ગ્રામીણ વિસ્તારમાં પણ વધુને વધુ દર્દીઓ પસંદ કરી રહ્યા છે. તંત્રની દોડધામ આને કારણે વધવા પામી છે. જિલ્લામાં એન્ટીજન ટેસ્ટ જે કરવામાં આવી રહ્યા છે તેમાં મળી આવેલ દર્દીઓના આંકડા છુપાવવામાં આવી રહ્યા છે. જો કે તંત્રના બિન સત્તાવાર સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગ્રામીણ વિસ્તારમાં ૧.૫૦થી ૨ ટકા જેટલો ટોપરેટ છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. ૫૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૪૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમજ ૭૮ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સરઢવ ગામે કોરોનાએ પુનઃ હાજરી પુરાવી છે. ૪૯ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ભાટમાંથી ૩૧ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આલમપુર મિલીટ્રી સ્ટેશનમાંથી ૨૫ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સ્ટેશનમાં પણ કોરોનાએ પુનઃ હાજરી પુરાવી છે. જવાનને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો છે.

પેથાપુરમાંથી ૩૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ ગામમાંથી આજે વધુ બે કેસ મળ્યા છે. ૩૧ વર્ષીય ગૃહીણી અને ૪૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગરમાં કોરોના બેકાબુ : વધુ નવ કેસ નોંધાયા : દહેગામમાં ૨, કલોલમાં ૪ અને માણસામાં ૩ કેસ નોંધાયા

દહેગામ તાલુકામાંથી બે કેસ મળી આવ્યા છે. નાંદોલ ગામેથી ૮૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત અર્બન વિસ્તારમાંથી ૩૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા તાલુકામાંથી ૩ કેસ મળી આવ્યા છે. જેમાં ઈન્દ્રપુરા ગામેથી બે કેસ મળી આવ્યા છે. ૬૧ વર્ષીય ગૃહીણી તેમજ ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. માણસા અર્બનમાંથી ૨૮ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે કોરોનાના વધુ ૪ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

તાલુકાના પલસાણા ગામેથી ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. મોખાસણ ગામેથી ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી આજે ૨ કેસ મળી આવેલ છે. ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. આ ઉપરાંત ૩૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૨૫૫૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

સિવિલ કેન્ટીન પાસેથી એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેન્ટીન પાસેથી ગત તા.૧૦ ના રોજ એકટીવાની ઉઠાંતરી થવા પામી છે. કલોલ નજીક ભોંયણ મોટી સ્થિત ટાટા શુભ ફલેટ મકાન નં.૧૧-૪૦૩ ખાતે રહેતા મિતેશ જગદીશભાઈ પંચાલ (ઉં.૩૯) પોતાના માતાને ગત તા.૬ ના રોજથી બિમારીને પગલે એડમીટ કર્યા હતા. ત્યારે મિતેશ પોતાનું એકટીવા લઈને તા.૧૦ ના રોજ સવારે ૮ વાગે કલોલથી ગાંધીનગર સિવિલ ખાતે માતા પાસે આવ્યો હતો. ત્યારબાદ સાંજના ૫ વાગ્યાના અરસામાં મિતેશ કેન્ટીન ખાતે ચા લેવા માટે નીચે ગયો હતો. ત્યારે એકટીવા નં. જી. જે.૦૧.એફ.એસ.-૯૩૬૯ પાર્ક કરેલી જગ્યાએ ન દેખાતા યુવાને એકટીવા અંગે શોધખોળ કરી હતી. યુવકે પોતાની આગવી રીતે બે દિવસ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા નહી મળી આવતા યુવકે ૨૦૦૭ ના મોડલના અંદાજીત રૂ.૮ હજારના એકટીવા ચોરી અંગે ગુનો નોંધાતા સે-૭ પોલીસે વાહનચોર ઈસમોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ચિલોડા પાસે બસમાં મુસાફર પાસેથી ૨૦ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૩

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર ચંદ્રાલા નજીક ખાનગી લકઝરી બસમાં મુસાફર માલસામાનમાંથી દારૂની ૨૦ બોટલ ઝડપાઈ છે. ચંદ્રાલા નાકા પોઈન્ટ પર ચિલોડા પોલીસ જવાનો વાહન ચેકીંગ કરી રહ્યા હતા, તે સમયે સવારના ૬ વાગ્યાના સુમારે હિંમતનગર તરફથી લકઝરી બસ આવી હતી. પોલીસે બસને સાઈડમાં ઉભી રખાવીને ચેકીંગ કરતા એક મુસાફરના સામાનમાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. જેથી પોલીસે યુવકને સામાન સાથે નીચે ઉતારીને નામ પુછતા તે રાજસ્થાનનો જશવંતસિંહ ગણપતસિંહ રાણાવત (ઉં.૨૮ રહે.મેઈન રોડ, પોમવા સુમેરપુર પાલી), હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે રૂ.૧૨ હજારનો ૨૦ બોટલ દારુ અને રૂ.૩ હજારની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સતત બે દાયકાથી જરૂરતમંદ લોકોનું મોં મીઠુ કરાવતુ મહામંડળ, જ્યોતિ મહિલા મંડળ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની રચનાથી જ સક્રિય સેવા તથા સમગ્ર સમાજને સાથે રાખી કામ કરતી સંસ્થાઓ, ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને મહિલાઓ માટેની સંસ્થા જ્યોતિ મહિલા મંડળ દ્વારા બે દશકાથી પણ વધુ સમયથી જરૂરતમંદ લોકોને દિવાળીના તહેવારોમાં તેમને છાપરે જઈ મોં મીઠુ કરાવવાની પરંપરા આ વર્ષે કોરોના કાળમાં પણ સાચવવામાં આવી હતી.

સંસ્થાના અરૂણ બુચ, કીશોર જીકાદરા, પ્રદિપ સોલંકી, જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચ, નિરૂબેન નાયક, હર્ષાબા ધાંધલ સહિતે છાપરામાં જઈ મોં મીઠુ કરાવી દિવાળીના તહેવારોની ઉજવણી કરી હતી. તેમજ અંતિમધામ ખાતે કામ કરતા આપણા સ્વજનોને પણ મીઠાઈ આપી દિપોત્સવી ઉજવવા વિનંતી કરી હતી અને આ કાર્યકારી વસાહત મહામંડળ અને જ્યોતિ મહિલા મંડળે સંસ્થાની પરંપરાગત પરંપરાનું જતન કરવામાં આવ્યુ હતુ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICE
સુવિધાઓ
• આઈ.સી.યુ.ની સુવિધા • 2D Echo
• અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨
• હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
• સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
• એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
• મેડીકલેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
• ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર • આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
• દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
• હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
• હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
• ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
• હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ • અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
• કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
• મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮